૮૫/૫૫

"સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો"
માટે રાજ્ય સરકારની નોકરીઓ તેમજ
શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવર્તમાન અનામત ની
ટકાવારીમાં વધારો કરવા બાબત.
...

ગુજરાત સરકાર
સમાજ કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક : સશપ/૪૩૯૪/૧૯૧/અ
સચિવાલય, ગાંધીનગર
તા. ૪-૫-૯૪

**વંચાણે લીધા:-**

૧. સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા: ૧-૪-'૭૮ ના ઠરાવ ક્ર : બીસીઆર/૧૦૭૮/૧૩૭૩૪/છ

૨. સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૯-૫-૭૮ ના ઠરાવ ક્ર : એસઇબી/૧૦૭૮/૩૧૪૩/ક

૩. ભારત સરકારના કર્મચારી ગણ, લોકફરિયાદ અને પેન્શન મંત્રાલય ના તા. ૧૩-૮-૯૦ ના ઓફીસ મેમોરેન્ડમ નં. ૩૬૦ ૧૨/ ૩૧/૯૦ એસ્ટા (એસ.સી.ટી.)

૪. ભારત સરકારના કર્મચારી ગણ, લોકફરિયાદ અને પેન્શન મંત્રાલયના ઓફીસ મેમોરેન્ડમ નં. ૩૬૦ ૧૨/ ૩/૯૯-એસ્ટા (એસસીટી) તારીખ: ૨૫-૯-૯૧

૫. સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૦-૫-૯૩ ના ઠરાવ ક્ર : પવસ/૧૨૯૦/૨૨૨૨/ગ.,૪

૬. ભારત સરકારના કર્મચારી ગણ, લોકફરિયાદ અને પેન્શન મંત્રાલયના ઓફીસ મેમોરેન્ડમ ક્રમાંક : ૩૬૦ ૧૨- ૨૨-૯૩ - એસ્ટા (એસસીટી) તા. ૮-૯-૯૩

૭. ભારત સરકારના કલ્યાણ મંત્રાલયના ઠરાવ ક્ર : ૧૨૦૧૧/૬૮/બીસીસી (સી) તા. ૧૦-૯-૯૩

૮. સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્ર : સશપ/૪૩૯૪/૧૯૧/અ તા. ૨૩-૨-૯૪

**ઠરાવ:-**

તા. ૨૩-૨-૯૪ ના રાજ્ય સરકારની નોકરીઓમાં સીધી ભરતીની નિમણૂંકો માં તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટેની પ્રવર્તમાન ટકાવારીમાં વધારો કરવાના હુકમો ઉપર સંદર્ભ (૮) હેઠળના આ વિભાગના તા. ૨૩-૨-૯૪ નાં ઠરાવ હેઠળ ઉક્ત ઠરાવના ફકરા-૩ માં

છેલ્લા ભાગ માં ' ૨૭ % જગ્યાઓ અનામત ઓપન મેરીટ સહિત રાખવાનું ધોરણ લાગુ પાડવાનું આથી ઠરાવવામાં આવે છે ' એ પ્રમાણેની જે જોગવાઇ દર્શાવાઇ છે તેના સ્થાને નીચે પ્રમાણેની જોગવાઇ મૂકી તેનો અમલ કરવાનું આથી ઠરાવવામાં આવે છે :-

" .......... ૨૭ % જગ્યાઓ અનામત રાખવાનું ધોરણ ગુણવત્તામાં આવતા ઉમેદવારોને અનામત જગ્યાઓ સામે નહીં ગણવાના સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦-૫-૯૩ ના ઠરાવ ક્ર : પવસ /૧૨૯૦/ ૨૨૨૭ ગ.૪ માં કરવામાં આવેલી જોગવાઇના લાભ સહિત લાગુ પાડવાનું આથી ઠરાવવામાં આવે છે "

૨. આ વિભાગના તા.૨૩-૨-૯૪ ના ઉપરોકત ઠરાવના ફકરા-૩ માં ઉપર મુજબ કરવામાં આવેલા આંશિક સુધારા પ્રમાણે, ભરતીની નિમણૂંકોમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના જે ઉમેદવારો પસંદગીમાં ગુણવત્તામાં આવતા હોય તે ઉમેદવારોને, તે વર્ગો માટેની અનામત જગ્યાઓ સામે ન ગણતાં, બિન અનામત જગ્યાઓ સામે ગણી, તે વર્ગો માટે હવે નિયત કરવામાં આવેલ ૨૭ % અનામતની ટકાવારી, તે વર્ગોના ગુણવત્તાના ધોરણે પસંદગી પામતા ઉમેદવારો ઉપરાંત લાગુ પાડવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ટી.સી.એ. રંગદુરાઇ

( ટી. સી. એ. રંગદુરાઇ )
અધિક મુખ્ય સચિવ
સમાજ કલ્યાણ વિભાગ

પ્રતિ
રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર
મુખ્યમંત્રીશ્રી/ નાયબ મુખ્યમંત્રીશ્રી ના સચિવશ્રી, ગાંધીનગર
સર્વે મંત્રીશ્રીઓ, રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના સચિવશ્રી, ગાંધીનગર
સર્વે સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી
સામાન્ય વહીવટ વિભાગ (ગ.૪) સચિવાલય, ગાંધીનગર
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

21/7/17



સચિવાલયના અન્ય વિભાગો

એકાઉન્ટન્ટ જનરલ, ગુ.રા. અમદાવાદ/ રાજકોટ

પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર

નિવાસી ઓડીટ અધિકારી, ગાંધીનગર

X અન્ય પછાતવર્ગો માટેનું પંચ, ગાંધીનગર

X સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ

X રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ

X સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર

X સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ

X સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

X સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

સમાજ કલ્યાણ વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ /બોર્ડ

કોર્પોરેશનો

સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ

સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

સર્વે ખાતાના વડાઓ

વિભાગની તમામ શાખાઓ

<u>સિલેકટ ફાઇલ</u>

* પત્ર દ્વારા

ઠક્કર જે.પ